# ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લી.
## બ્લોક નં.૮, ૯ મો માળ, ઉદ્યોગભવન,
## ગાંધીનગર.

**મહિલા ઉદ્યમીઓ દ્વારા નિર્મિત/ઉત્પાદિત ચીજવસ્તુઓના "પ્રદર્શન સહ વેચાણ" મેળાઓમાં ભાગ લેવા માટે ગુજરાત રાજયના મહિલા ઉદ્યમીઓ પાસેથી અરજીઓ મેળવવા બાબત.**

ગુજરાત સરકારના "**મહિલા અને બાળ વિકાસ વિભાગ**" હેઠળના "**ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લી.**" દ્વારા નીચેના સમય અને સ્થળોએ ગુજરાત રાજયનાં મહિલા ઉદ્યમીઓ દ્વારા નિર્મિત/ઉત્પાદિત ચીજવસ્તુઓના "**પ્રદર્શન સહ વેચાણ મેળા**"નું આયોજન કરવામાં આવેલ છે.

| **પ્રદર્શન સહ વેચાણમેળાનું સંભવિત સ્થળ** | **સંભવિત સમયગાળો** | **અરજી કરવાની છેલ્લી તારીખ** |
|---|---|---|
| દાબૂ લો કોલેજ, નવસારી | તા.૦૮/૧૦/૨૦૨૧ થી તા.૧૭/૧૦/૨૦૨૧ સુધી | **તા.૦૫/૧૦/૨૦૨૧ સમય:- ૧૮.૦૦ કલાક સુધી** |
| એલ.ઇ. એન્જીનીયરીંગ કોલેજ મેદાન, મોરબી | તા.૨૧/૧૦/૨૦૨૧ થી તા.૩૦/૧૦/૨૦૨૧ સુધી | **તા.૧૬/૧૦/૨૦૨૧ સમય:- ૧૮.૦૦ કલાક સુધી** |
| રેસકોષ મેદાન, પોલીસ હેડક્વોટર પાસે, રાજકોટ | તા.૧૪/૧૦/૨૦૨૧ થી તા.૨૩/૧૦/૨૦૨૧ | **તા.૧૧/૧૦/૨૦૨૧ સમય:- ૧૮.૦૦ કલાક સુધી** |
| રામલીલા મેદાન, અંબાજી મંદિર પાસે, જી.આઇ.ડી.સી. વાપી. | તા.૧૭/૧૦/૨૦૨૧ થી તા.૨૬/૧૦/૨૦૨૧ | **તા.૧૧/૧૦/૨૦૨૧ સમય:- ૧૮.૦૦ કલાક સુધી** |
| હનીપાર્ક ગ્રાઉન્ડ, જોગાણીનગર, સુરત | તા.૦૭/૧૦/૨૦૨૧ થી તા.૧૬/૧૦/૨૦૨૧ સુધી | **તા.૦૪/૧૦/૨૦૨૧ સમય:- ૧૮.૦૦ કલાક સુધી** |

ઉપરોક્ત મેળાઓમાં વિવિધ ચીજવસ્તુઓનું ઉત્પાદન અને નિર્માણ કરતાં ગુજરાત રાજયનાં મહિલા ઉદ્યમીઓ ભાગ લઇ શકશે. આ મેળાઓમાં ભાગ લેવા પ્રત્યેક મેળા માટે અલગ અરજી નિગમની કચેરીએ રૂબરૂ અથવા ટપાલ મારફતે અથવા gwedcgnr@gmail.com ઇ-મેઇલ મારફત નિયત નમૂનામાં મોકલી આપવાની રહેશે. આ અરજીનો નમૂનો અત્રેની કચેરીએથી રૂબરૂ અથવા ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લી., ગાંધીનગરની વેબસાઇટ http://gwedc.gov.in/ પરથી ડાઉનલોડ કરી શકાશે. વધુ માહિતી (M) No.૯૬૦૧૯૦૯૦૫૦ અને (M) No.૭૯૮૪૧૯૭૯૪૨ ઉપર મળી શકશે.

**ખાસ નોંધ:** આ આયોજન અન્વયે સંબંધિત જિલ્લાની સ્થાનિક ઓથોરીટી પાસેથી સ્થળ અને સમયગાળો મેળવવાની કાર્યવાહી ચાલુમાં છે જે પ્રમાણે પરવાનગી મળશે તે મુજબના સ્થળોએ તે મુજબના સમયગાળમાં મેળાનું આયોજન કરવામાં આવશે.

જનરલ મેનેજર
ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લી.
ગાંધીનગર